# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૬ /૨૩૨૬ તા.૧૨/૦૨/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત.જિ.સુરત

આ સાથે સામેલ સુરત મહાનગરપાલિકા કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય અઠવાલાઈન્સ, સુરતનો પત્ર ક્રમાંક નં. ન.મ.પુ./જા./૫૮૪ તા.૧૦/૦૨/૨૦૨૬ પત્ર અન્વયે પુસ્તક મેળાનું આયોજન આગામી તા.૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬, શુક્રવાર થી તા.૨૪ ફેબ્રુઆરી ૨૦૨૬, મંગળવાર સવારે ૧૧ .૦૦ ક.થી રાત્રિના ૧૦.૦૦ ક.દરમ્યાન વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિર્વસિટી,,ઉધના-મગદલ્લા રોડ,સુરત ખાતે કરવામાં આવનાર છે. સદર પુસ્તક મેળાની મુલાકાત લેવા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ તથા શાળા શિક્ષકોને જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

પ્રત,

પ્રાપ્ત...

સુરત મહાનગરપાલિકા

# કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય

અઠવાલાઈન્સ, સુરત. ફોન નં. (૦૨૬૧) ૨૬૬૫૮૮૩

URL:www.suratmunicipal.gov.in, e-mail:library@suratmunicipal.org

નં.ન.મ.પુ./ગ્રં./૨૮૪

તા.૧૦/૦૨/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
એ–૩, જિલ્લા સેવા સદન–૨,
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.

**વિષય:સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત રાષ્ટ્રીય પુસ્તક મેળાની શાળાઓ દ્વારા મુલાકાત લેવા બાબત.**

સવિનય જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન આગામી તા.૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬, શુક્રવાર થી તા.૨૪ ફેબ્રુઆરી ૨૦૨૬, મંગળવાર સવારે ૧૧.૦૦ ક. થી રાત્રિના ૧૦.૦૦ ક. દરમ્યાન વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિર્વસિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત ખાતે કરવામાં આવનાર છે. જેનો ઉદ્દ્ઘાટન સમારોહ તા.૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિર્વસિટી, ઉધના– મગદલ્લા રોડ, સુરત ખાતે યોજવામાં આવનાર છે. જેમાં આપની સંસ્થા દ્વારા પણ બહોળી સંખ્યામાં ઉપસ્થિતી નોંધાવી, પ્રાસંગિક વકતવ્યનો લાભ લેવા અનુરોધ છે.

ઉપરોકત પુસ્તક મેળાની સુરત જિલ્લા સહિત દક્ષિણ ગુજરાત અને સંઘ પ્રદેશમાં આવેલ શાળાઓ દ્વારા એટલે કે, શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ તેમજ શિક્ષકો દ્વારા મુલાકાત લેવામાં આવે અને મેળામાં ઉપલબ્ધ પુસ્તકો સહિતની અન્ય સામગ્રીઓનો લાભ લેવામાં આવે તે મુજબની પ્રસિધ્ધિ પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક સહિતની તમામ ગ્રાન્ટેડ / ગ્રાન્ટ ઈન એઈડ /નોનગ્રાન્ટેડ શાળાઓમાં કરવા વિનંતી છે.

વધુમાં, ઉપરોકત આયોજન અંગે દક્ષિણ ગુજરાત વિસ્તારમાં આવેલ અન્ય જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીઓને પણ આપશ્રી દ્વારા અંગત રસ લઈ, જાણ કરવા તથા આ સાથે સામેલ બ્રોશર નોટીસ બોર્ડ પર મુકાવવા વિનંતી છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

ગ્રંથપાલ
ક.ન.મ.પુસ્તકાલય
સુરત મહાનગરપાલિકા

\\10.90.6.2\d\My Document Files 130\Book Fair\Book Fair 2026\Letter pad for School College invi 2026.docx